For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### સ્થાનિક પ્રશ્નો અને અપેક્ષાઓ વચ્ચે મતદારોમાં મિશ્ર પ્રતિસાદ અને રોષ જોવા મળ્યો

# માંજલપુર પેટાચૂંટણીમાં અંદાજિત ૩૭.૫% મતદાન : ઈવીએમ સીલ

**લોકોમાં** રોષ વચ્ચે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન સંપન્ન, યોગેશભાઈ પટેલની સીટ પર રસાકસીભર્યો જંગ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૩૦

વડોદરા શહેરની ૧૪૫-માંજલપુર વિધાનસભા બેઠક પર ધારાસભ્ય યોગેશભાઈ પટેલના દુઃખદ અને આકસ્મિક નિધનના કારણે ખાલી પડેલી સીટ માટે યોજાયેલી પેટાચૂંટણીનું મતદાન ગુરુવારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયું હતું. આ બેઠક પરના રાજકીય સમીકરણો અને સ્થાનિક મુદ્દાઓ વચ્ચે યોજાયેલા આ જંગમાં માંજલપુર વિધાનસભા વિસ્તારના જાગૃત મતદારોએ ઉત્સાહપૂર્વક અથવા તો રોષ સાથે પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ચૂંટણી પ્રક્રિયા પૂરી થતાં જ તમામ ઉમેદવારોના ભવિષ્ય ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનમાં સીલ થઈ ગયા છે.

આ પેટાચૂંટણી દરમિયાન સવારથી જ મતદાન મથકો પર મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો. કેટલાક વિસ્તારોમાં મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો તો કેટલાક વિસ્તારોમાં સ્થાનિક પ્રશ્નો અને વિકાસના કાર્યોની અપેક્ષાઓ અધૂરી રહેતા નાગરિકોનો રોષ સ્પષ્ટપણે વર્તાઈ રહ્યો હતો. આમ છતાં, ચૂંટણી પંચની સચોટ વ્યવસ્થાઓ અને પોલીસ તંત્રના કડક સુરક્ષા બંદોબસ્તને કારણે સમગ્ર મતદાન પ્રક્રિયા કોઈપણ અનિચ્છનીય બનાવ વિના પાર પડી હતી. સિનિયર સિટીઝનો અને દિવ્યાંગ મતદારો માટે પણ વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી હતી.

સાંજ સુધીના પ્રાપ્ત આંકડાઓ અનુસાર, માંજલપુર બેઠક પર અંદાજિત 37.5% જેટલું મતદાન નોંધાયું છે. અગાઉની સામાન્ય ચૂંટણીઓની સરખામણીમાં આ મતદાન ઓછું હોવાનું મનાઈ રહ્યું છે, જેનું મુખ્ય કારણ પેટાચૂંટણી પ્રત્યેની ઉદાસીનતા કે સ્થાનિક નાગરિકોનો રોષ હોઈ શકે છે. ગત ૨૦૨૨ ડિસેમ્બર ના રોજ યોજાયેલ ચૂંટણીમાં માંજલપુર વિધાનસભામાં ૬૦.૧૫% મતદાન થયું હતું. જેમાં બીજેપી ના ૭૫.૮૫%, ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના ૧૨.૨૪%, આમ આદમી પાર્ટીના ૬.૯૬% અને નોટાને ૨.૦૪% વોટ શેર મળ્યા હતા. સાંજે મતદાનનો સમય પૂરો થતાં જ તમામ મતદાન મથકો પર પ્રક્રિયા બંધ કરી દેવામાં આવી હતી. કાયદેસરની પ્રક્રિયા અનુસરીને તમામ મતપેટીઓ અને ઈવીએમ મશીનોને સ્ટ્રોંગ રૂમ તરફ રવાના કરી કડક સુરક્ષા હેઠળ સીલ કરી દેવામાં આવ્યા છે. હવે આગામી મતગણતરીના દિવસે જ સ્પષ્ટ થશે કે માંજલપુરની આ બેઠક પર કયો પક્ષ બાજી મારે છે અને જનતાએ કોના પર વિશ્વાસ મૂક્યો છે.





વડોદરાની 145-માંજલપુર વિધાનસભા પેટાચૂંટણીનું મતદાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયું. વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજરાજકુમારજી મહારાજ અને ભાજપ શહેર પ્રમુખ ડો.જયપ્રકાશ સોનીએ મતદાન કર્યું હતું. હવે મતગણતરી 3 ઓગસ્ટે થશે.

### માંજલપુરમાં મતદાન દરમિયાન ભાજપ-કોંગ્રેસ કાર્યકરો ખેસ મામલે આમને-સામને



પેટાચૂંટણી દરમિયાન એક મતદાન કેન્દ્ર બહાર ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે બોલાચાલીનો બનાવ બન્યો હતો. કોંગ્રેસના કેટલાક કાર્યકરો પક્ષનો ખેસ પહેરી બેઠા હોવાનો આક્ષેપ કરતાં ભાજપ યુવા મોરચાના મહામંત્રીએ વિરોધ નોંધાવ્યો હતો. આ મુદ્દે બંને પક્ષના કાર્યકરો સામસામે આવી જતાં તંગદિલી સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક સ્થળે પહોંચી બંને પક્ષને સમજાવી મામલો શાંત પાડ્યો હતો.

### ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાએ યુવતીને લાફો માર્યાનો આક્ષેપ



બાયપોલ મતદાન દરમિયાન પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાના ચૂંટણી પ્રચાર દરમિયાન વિવાદ સર્જાયો હતો. મતદાન અંગે પૂછતાં એક સ્થાનિક યુવતીએ કોંગ્રેસને મત આપ્યાનું જણાવતાં બોલાચાલી થઈ હતી. ત્યારબાદ ભાજપના કાર્યકરોએ એક યુવકને માર માર્યો હોવાનો અને ધારાસભ્યએ યુવતીને લાફો માર્યો હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે. ઘટનાને પગલે મામલો માંજલપુર પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો, જ્યાં પોલીસ મથક બહાર ભાજપના કાર્યકરો અને યુવતીના પરિવારજનો વચ્ચે ફરી બોલાચાલી અને મારામારી થઈ હતી. પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

### આચારસંહિતા ભંગના આક્ષેપે કોંગ્રેસના ધરણા



વડોદરાની માંજલપુર વિધાનસભા પેટાચૂંટણી દરમિયાન કોંગ્રેસે ભાજપ પર ચૂંટણી આચારસંહિતાના ભંગનો આક્ષેપ કરી કલેક્ટર કચેરીએ ધરણા કર્યા હતા. કોંગ્રેસનો આરોપ છે કે ભાજપના કાર્યકરો બૂથની અંદર અને આસપાસ પક્ષનો ખેસ પહેરી ખુલ્લેઆમ પ્રચાર કરી રહ્યા હતા. આ મુદ્દે શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોશી, ચૂંટણી પ્રભારી સંદીપ માંગરોલા અને બિમલ શાહ સહિતના આગેવાનો મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી બહાર વિરોધ પર બેઠા હતા. કોંગ્રેસે ચૂંટણી તંત્ર પર નિષ્ક્રિયતાનો આક્ષેપ કરી જવાબદાર સામે તાત્કાલિક કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

### કોંગ્રેસ ઓછો મતદાન થાય તે માટે બાબલ કરે છે

પેટાચૂંટણી દરમિયાન થયેલી બબાલ બાદ શહેર ભાજપ પ્રમુખ ડો. જયપ્રકાશ સોનીએ કોંગ્રેસ પર ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે જણાવ્યું કે કોંગ્રેસના કેટલાક કાર્યકરો દારૂના નશામાં ગાળાગાળી કરી મતદાનનો માહોલ બગાડવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ઓછું મતદાન થાય તે માટે કોંગ્રેસ પ્રયાસ કરી રહી હોવાનું પણ તેમણે કહ્યું. ભાજપના કાર્યકરો માત્ર મતદાન જાગૃતિ માટે કાર્ય કરી રહ્યા હોવાનું તેમણે સ્પષ્ટ કર્યું.

### લાલબાગ પાંજરાપોળમાં પશુ સંભાળ મુદ્દે વિવાદ

# ત્રણ ગાયોના મોત, ૧૨ પશુઓની હાલત ગંભીર : ગૌરક્ષકોનો આક્ષેપ

**સંચાલકોનો** જવાબ: તમામ પશુઓને નિયમિત સારવાર અને પૂરતી સુવિધા અપાઈ રહી છે



(પ્રતિનિધિ) વડોદરા, તા.30

વડોદરાના લાલબાગ પાંજરાપોળમાં પશુઓની જાળવણીને લઈને ગૌરક્ષકો અને સંચાલકો વચ્ચે વિવાદ સર્જાયો છે. ગૌરક્ષકો લાલબાગ બ્રિજ નજીક આવેલા પાંજરાપોળ પહોંચીને પશુઓની સ્થિતિની તપાસ બાદ સંચાલકો સામે ઉગ્ર રજૂઆત કરી હતી.

ગૌરક્ષકોનો આક્ષેપ છે કે પાંજરાપોળમાં પશુઓની નિયમિત સંભાળ રાખવામાં આવતી નથી. તેમના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક દિવસોમાં ત્રણ ગાયોના મોત થયા છે, જ્યારે 12 જેટલી ગાયોની હાલત ગંભીર છે. પશુઓને માત્ર દેખાડા પૂરતી સારવાર આપવામાં આવતી હોવાનો તથા સંચાલકો પશુસેવા કરતાં વહીવટમાં વધુ રસ લેતા હોવાનો પણ તેમણે આક્ષેપ કર્યો હતો.

બીજી તરફ પાંજરાપોળના સંચાલકોએ તમામ આક્ષેપોને નકારી કાઢ્યા છે. તેમના જણાવ્યા મુજબ 400 પશુઓની ક્ષમતા ધરાવતા પાંજરાપોળમાં હાલ આશરે 300 પશુઓ છે અને માત્ર છ ગાયોની સારવાર ચાલી રહી છે. પશુચિકિત્સકની દેખરેખ હેઠળ સમયસર સારવાર, ઘાસચારો અને અન્ય જરૂરી સુવિધાઓ આપવામાં આવી રહી હોવાનું સંચાલકોએ જણાવ્યું છે.

ગૌરક્ષકોના આક્ષેપો બાદ પાંજરાપોળની કામગીરી ફરી ચર્ચામાં આવી છે. હવે સમગ્ર મામલે તંત્ર શું પગલાં ભરે છે તેના પર સૌની નજર છે.

### વડોદરા જિલ્લામાં અતિભારે વરસાદનું 'રેડ એલર્ટ

# આજે તમામ શાળા-કોલેજો, ITI અને આંગણવાડીઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રહેશે

**કલેક્ટરના** જાહેરનામાનો ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ નોંધાશે ગુનો

(પ્રતિનિધિ) વડોદરા. તા.૩૦

ભારતીય હવામાન વિભાગ દ્વારા વડોદરા જિલ્લામાં અતિભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કરાતા જિલ્લા વહીવટી તંત્રે 31 જુલાઈ, 2026ના રોજ તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં રજા જાહેર કરી છે. જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેક્ટરે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-2023ની કલમ-163 હેઠળ આ જાહેરનામું બહાર પાડ્યું છે.

આ આદેશ વડોદરા શહેર તેમજ જિલ્લાના તમામ તાલુકાઓમાં લાગુ પડશે. સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી આંગણવાડીઓ, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, આઈટીઆઈ તેમજ તમામ કોલેજોમાં શૈક્ષણિક કાર્ય બંધ રહેશે.

ભારે વરસાદ, પાણી ભરાવા અને વાહનવ્યવહાર ખોરવાવાની સંભાવનાને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓની સુરક્ષા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લા તંત્રે સંબંધિત તમામ વિભાગોને જાહેરનામાનો કડક અમલ કરાવવા સૂચના આપી છે. આદેશનો ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-223 મુજબ કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. સાથે જ ફરિયાદ નોંધવાની સત્તા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ હોદ્દાના પોલીસ અધિકારીઓને સોંપવામાં આવી છે.

### વડોદરા માટે આજે રેડ એલર્ટ ,ભારે વરસાદની આગાહી ,તંત્ર સતર્ક

હવામાન વિભાગ દ્વારા જારી કરાયેલા અહેવાલ મુજબ વડોદરા શહેરમાં આગામી 3 દિવસ ભારે થી અત્યંત ભારે વરસાદની શક્યતા છે. ગુરુવારે શહેરનું મહત્તમ તાપમાન 32.2 ડીગ્રી અને લઘુત્તમ 27.6 ડીગ્રી રહ્યું હતું. સવારે હવામાં ભેજનું પ્રમાણ 89 ટકા અને સાંજે 74 ટકા નોંધાયું હતું. હવામાન વિભાગની આગાહી અનુસાર શુક્રવારે 31 જુલાઈએ આજે અત્યંત ભારે વરસાદ ની રેડ એલર્ટ જાહેર કરાઈ છે. 1 ઓગસ્ટે પણ ભારે વરસાદની યલો એલર્ટ યથાવત રહેશે. આ ત્રણેય દિવસ વાવાઝોડા સાથે વરસાદની શક્યતા છે. આગામી દિવસોમાં તાપમાન 26 ડીગ્રી થી 33 ડીગ્રીની વચ્ચે રહેવાનો અંદાજ છે. વરસાદની આગાહીને પગલે જિલ્લા વહીવટી તંત્રને એલર્ટ પર રાખવામાં આવ્યું છે. નીચાણવાળા વિસ્તારોના લોકોને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે.

# કારેલીબાગ વુડા ઓફિસના છઠ્ઠા માળે આગ : દસ્તાવેજો ખાખ

**ફાયર** બ્રિગેડે સમયસર પહોંચીને બે કલાકથી વધુ સમયની ભારે મહેનત બાદ આગ પર કાબૂ મેળવ્યો



(પ્રતિનિધિ) વડોદરા. તા.૩૦

વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં આવેલી વુડા કચેરીના છઠ્ઠા માળે બુધવારે મોડી રાત્રે અચાનક આગ ફાટી નીકળતાં અફરાતફરી મચી ગઈ હતી. સદનસીબે બનાવ સમયે ઓફિસ બંધ હોવાથી કોઈ જાનહાનિ થઈ ન હતી, પરંતુ સરકારી દસ્તાવેજો, ફર્નિચર અને અન્ય સામાનને ભારે નુકસાન થયું છે.

માહિતી મુજબ છઠ્ઠા માળે નગરપાલિકાઓના પ્રાદેશિક કમિશનરની કચેરી આવેલી છે, જ્યાં મહત્વના વહીવટી દસ્તાવેજો રાખવામાં આવે છે. કચેરીમાંથી ધુમાડો નીકળતો દેખાતા સ્થાનિકોએ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળે પહોંચી બે કલાકથી વધુ સમય સુધી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે આગનું ચોક્કસ કારણ જાણવા પોલીસ અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)ની મદદથી તપાસ શરૂ કરવામાં આવી છે. સાથે જ નષ્ટ થયેલા સરકારી દસ્તાવેજો અને મિલકતના નુકસાનનું આકલન કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

### ઉંચા વળતર અને ગોલ્ડ લોનના નામે રૂ.૩.૩૫ કરોડનો ખેલ

# બેંકના નકલી કર્મચારીઓ ઓળખ આપી ઠગોએ ઉદ્યોગપતિ પાસેથી રૂ.૨.૨૫ કરોડ ખંખેર્યા

**રૂ.૧.૧૦ કરોડ** પરત આપી જીત્યો વિશ્વાસ, પછી બાકીના અને નફો નહી આપી ઠગાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા શહેરના સુભાનપુરામાં રહેતા જાણીતા ઉદ્યોગપતિને ગોલ્ડ લોન અને કેશ મેનેજમેન્ટ સ્કીમમાં ઊંચા વળતરની લાલચ આપી રૂ.3.35 કરોડનું રોકાણ કરાવવામાં આવ્યું હતું. શરૂઆતમાં રૂ.1.10 કરોડ પરત આપી વિશ્વાસ જીતનારા ઠગોએ બાદમાં રૂ.2.25 કરોડ અને વચન મુજબનું વળતર પણ ચૂકવ્યું ન હતુ. જ્યારે ઉદ્યોગપતિએ બેંકના ઉચ્ચ અધિકારીઓનો સંપર્ક કર્યો હતો ત્યારે આવી કોઈ સ્કીમ બેંક ચલાવતી જ ન હોવાનું સામે આવતા સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો.

વડોદરા શહેરના સુભાનપુરા વિસ્તારમાં રહેતા ઉદ્યોગપતિ તથા ઓટો ડ્રાઈવ એલએલપીના ભાગીદાર કુરેન મનીષકુમાર અમીને નોંધાવેલી ફરિયાદ મુજબ વર્ષ-2022 દરમિયાન તેમના પરિચિત અભિનવ રાવતે ફીનો પેમેન્ટ બેંકની ગોલ્ડ લોન સ્કીમમાં રોકાણ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા અને દર મહિને આકર્ષક વળતર મળવાનું જણાવ્યું હતું.

ત્યારબાદ કલ્પિત સોની, સુરેન્દ્ર શર્મા અને બિલાલ સૈયદે પોતાને બેંકના જવાબદાર અધિકારીઓ તરીકે ઓળખાણ કરાવી કંપનીની ઓફિસ તેમજ બેંક ખાતે બેઠકો પણ યોજી હતી. આરોપીઓએ બેંકના પેમ્ફલેટ, લેટરહેડ અને અન્ય દસ્તાવેજો બતાવી રોકાણ સંપૂર્ણ સુરક્ષિત હોવાનું કહી ઉદ્યોગપતિનો વિશ્વાસ જીત્યો હતો. આરોપીઓએ KYC પ્રક્રિયા પૂર્ણ કરાવી ડિસ્ટ્રીબ્યુટર કોડ ખોલાવવાના બહાને અલગ-અલગ તારીખોએ કુંજલસિંહ વિક્રમસિંહ સોલંકીના બેંક ખાતામાં રૂ.3.35 કરોડ ટ્રાન્સફર કરાવ્યા હતા. રોકાણ બાદ વિશ્વાસ જળવાઈ રહે તે માટે વિવિધ ટ્રાન્ઝેક્શન મારફતે રૂ.1.10 કરોડ પરત આપવામાં આવ્યા હતા. જોકે ત્યારબાદ બાકીના રૂ.2.25 કરોડ તેમજ નફાની રકમ ચૂકવવાનું બંધ કરી દેવામાં આવ્યું હતું. વારંવાર ઉઘરાણી છતાં કોઈ સંતોષકારક જવાબ ન મળતા ઉદ્યોગપતિએ બેંકના ઉચ્ચ અધિકારીઓનો સંપર્ક કર્યો હતો. તપાસ દરમિયાન અધિકારીઓએ સ્પષ્ટ જણાવ્યું હતું કે બેંક દ્વારા ગોલ્ડ લોન અને કેશ મેનેજમેન્ટ નામની આવી કોઈ રોકાણ યોજના ચલાવવામાં આવતી જ નથી. આ વાત સામે આવતા ઉદ્યોગપતિને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જાણવા મળ્યું હતું. તેમણે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા સહિત સંબંધિત સત્તાધિકારીઓ સમક્ષ રજૂઆત કરી હતી. તપાસ દરમિયાન ICICI બેંકમાં ખોલાયેલા ખાતા અને ફીનો પેમેન્ટ બેંકના લેટરહેડ સહિતના દસ્તાવેજો પણ મળી આવ્યા હોવાનું જણાવાયું છે. ઉદ્યોગપતિની ફરિયાદના આધારે પોલીસે કલ્પિત અશોક સોની, સુરેન્દ્રકુમાર કિશોરવાલ શર્મા, બિલાલ શાહીદ અહેમદ સૈયદ, કુંજલસિંહ વિક્રમસિંહ સોલંકી સહિત અન્ય જવાબદાર વ્યક્તિઓ સામે છેતરપિંડી, બનાવટી દસ્તાવેજોના ઉપયોગ કરવા બદલ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વડોદરા DCBએ નવજાત બાળકની તસ્કરીનો ભંડાફોડ કર્યો

# માસૂમ શિશુને ૩ લાખમાં મુંબઈ વેચવા જતા દંપતી ઝડપાયુ

**હાઈવે** પર બસમાંથી 8 દિવસના માસૂમને બચાવાયો

**આંતરરાજ્ય** નેટવર્કની તપાસ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા તા.30

નેશનલ હાઈવે નંબર ૪૮ પર આવેલી હોટલ લેજેન્ડ પાસે ઊભેલી બસમાંથી કમિશન ની લાલચે નવજાત બાળકની તસ્કરી કરતી ગેંગનો વડોદરા શહેર ડી.સી.બી પોલીસે બાતમીના આધારે

પર્દાફાશ કર્યો છે. માત્ર ૮ જ દિવસના માસૂમ નવજાત બાળક (છોકરો)ને લાલચુ દંપતીના ચુંગાલમાંથી બચાવી લઈને સારવાર માટે એસએસજીમાં મોકલાયું હતું આમ ડીસીબીએ બાળ તસ્કરીના આંતરરાજ્ય નેટવર્કની પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચને બાથમી મળી હતી કે બસમાં 10 દંપતિ નવજાત બાળકને મુંબઈ ખાતે વેચવા માટે જઈ રહ્યું છે જેના આધારે ૨૮ જુલાઈની રાત્રે આશરે ૧૧:૧૫ વાગ્યાના અરસામાં ડીસીબી પોલીસની ટીમે હાઈવે પર હોટેલ લેઝેન્ડ ખાતે ઉભેલી બસમાં તપાસ કરતા સંતલાસણ (જિલ્લો: મહેસાણા)ના રાવળ મનોજભાઈ કેશાભાઈ (ઉં.વ. ૩૮) અને તેમની પત્ની વિણાબેન મનોજભાઈ રાવળ (ઉં.વ. ૩૨) મળી આવ્યા હતા. તેમની સાથે તેમનો એક ૭ વર્ષનો પુત્ર યુવરાજ અને એક માત્ર ૮ દિવસનું નવજાત શિશુ પણ હતું. પોલીસે માસૂમ શિશુની સુરક્ષાને ધ્યાને રાખી પોલીસે બાળકને પહેલા તાત્કાલિક સારવાર અને સંભાળ માટે વડોદરાની એસએસજી હોસ્પિટલ ખાતે મોકલી આપ્યું હતું. ડીસીબી પોલીસે બાળ તસ્કરીની ગેંગમાં કોણ કોણ સામેલ છે અને અત્યાર સુધીમાં કેટલા બાળકોનો શોધો કર્યો છે તેની તપાસ શરૂ કરી છે.

### લાખોના કમિશન માટે બાળકની હેરાફેરી

પોલીસની કડક પૂછપરછમાં સામે આવ્યું કે આ એક મોટું કાવતરું હતું. ચાટાવાડા (સિદ્ધપુર)ના સુનિલ ધુળાભાઈ રાવળ અને દલાલ નગીન નામના શખ્સે આ બાળકને મુંબઈના એક કથિત ડોક્ટરને રૂ. ૩ લાખમાં વેચવાનું નક્કી કર્યું હતું.જેમા નગીન દલાલ સાથે આવેલા કથિત માતા-પિતાને બાળકના રૂ. ૨ લાખ આપવાના હતા. દલાલ શ્રવણ પારંગી નામના વ્યક્તિ મારફતે આ સોદો થયો હતો, જેમાં દલાલ નગીનને રૂ. ૧૦ હજાર અને બાળકને મુંબઈ પહોંચાડવા બદલ મનોજ અને વિણાબેનને રૂ. ૨૦ હજારનું કમિશન મળવાનું હતું. ઉપરાંત સુનિલ રાવળે વિણાબેન અને મનોજને સિદ્ધપુર ટાવરીયા ચોકડીથી બસમાં બેસાડી રૂ. ૫ હજાર ખર્ચાના આપ્યા હતા અને મુંબઈના ડોક્ટર સાથે સતત સંપર્કમાં રહેવા જણાવ્યું હતું.

### ૮ આરોપીઓના નામ અને સરનામા

1. મનોજભાઈ કેશાભાઈ રાવળ (રહે. સતલાસણ / સિદ્ધપુર)
2. વિણાબેન મનોજભાઈ રાવળ (રહે. સતલાસણ / સિદ્ધપુર)
3. સુનિલભાઈ ધુળાભાઈ રાવળ (રહે. ચાટાવાડા, સિદ્ધપુર)
4. દલાલ નગીનભાઈ
5. બાળકના કથિત માતા-પિતા (અજાણ્યા પુરુષ અને મહિલા)
6. મુંબઈના કથિત ડોક્ટર
7. દલાલ શ્રવણ પારંગી
8. પિતાની ઓળખ આપી બાળક આપી જનાર અજાણી વ્યક્તિ

### કોલેજનો ખર્ચ ઉઠાવવાનું આશ્વાસન આપી મુંબઈ લઈ ગયો

# ધાર્મિક શિક્ષણની લાલચે યુવતી પર દુષ્કર્મ કરનાર મદ્રેસા સંચાલક ઝડપાયો

**ગર્ભપાત** અને ધમકીના ગંભીર આક્ષેપ; બે દિવસના રિમાન્ડ મંજૂર



(પ્રતિનિધિ) ભરૂચ, તા.30

ધાર્મિક શિક્ષણ અને કોલેજના અભ્યાસનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવવાની લાલચ આપી ભરૂચની 22 વર્ષીય યુવતી સાથે દુષ્કર્મ આચરવાના ગંભીર આરોપસર ભરૂચ પોલીસે મુંબઈ સ્થિત મદ્રેસાના 55 વર્ષીય ટ્રસ્ટી અને સંચાલક મુફ્તી અલાઉદ્દીન અબ્દુલ ગફ્ફાર અન્સારીની ધરપકડ કરી છે. આરોપીને કોર્ટમાં રજૂ કરતાં બે દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે.

મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, આરોપી મુંબઈ સ્થિત "અંજુમને તકદીરૂનીશા અલ ઈસ્લામીયા લીલ બનાત" મદ્રેસાનો સંચાલક છે. ફરિયાદી યુવતીનો ભાઈ આ મદ્રેસામાં અભ્યાસ કરતો હોવાથી આરોપીનો પરિવાર સાથે પરિચય થયો હતો. ત્યારબાદ આરોપીએ યુવતીના પિતાનો વિશ્વાસ જીતી ધાર્મિક શિક્ષણ અને ઉચ્ચ અભ્યાસનો તમામ ખર્ચ ઉઠાવવાની ખાતરી આપી યુવતીને મુંબઈ મોકલાવી હતી. ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે મદ્રેસામાં આરોપીએ યુવતીની મરજી વિરુદ્ધ અનેક વખત દુષ્કર્મ આચર્યું હતું. યુવતીને બે વખત ગર્ભ રહેતાં ગોળીઓ આપી ગર્ભપાત કરાવ્યો હોવાનો પણ ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. બાદમાં યુવતી ભરૂચ પરત ફર્યા પછી આરોપી ફોન તથા રૂબરૂ મળી તેની સાથે આવવા દબાણ કરતો હતો. ઈન્કાર કરતાં ખોટા નિકાહનામા તૈયાર કરવાનો, ફોટા વાયરલ કરવાનો અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. યુવતીએ સમગ્ર ઘટનાની જાણ માતા-પિતાને કરતાં મામલો પ્રકાશમાં આવ્યો હતો. મહિલા પોલીસ નિરીક્ષક વૈશાલી આહીરના માર્ગદર્શન હેઠળ ગુનો નોંધાયા બાદ તપાસ એ-ડિવિઝન પોલીસને સોંપવામાં આવી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર આર.એમ. વસાવાની ટીમે મુંબઈથી આરોપીની ધરપકડ કરી ભરૂચ કોર્ટમાં રજૂ કર્યો હતો. હાલ સમગ્ર મામલે વધુ તપાસ ચાલી રહી છે.

### નવલખી મેદાનમાં બરોડિયન ઓટોરિક્ષા યુનિયને બાંયો ચઢાવી

# રાઈડર્સ સામે વડોદરાના રિક્ષાચાલકોનો વિરોધ: રોજી-રોટી પર અસર થવાનો આક્ષેપ

**ખાનગી** નંબરની બાઇકથી કમર્શિયલ સેવા બંધ કરાવવા સરકાર સમક્ષ માંગ



(પ્રતિનિધિ) વડોદરા, તા.30

ઓલા, ઉબેર અને રેપિડો જેવી એપ આધારિત બાઈક ટેક્સી સેવાઓના વિરોધમાં વડોદરાના ઓટો રિક્ષાચાલકોએ નવલખી મેદાન ખાતે એકત્ર થઈ વિરોધ પ્રદર્શન કર્યું હતું. રિક્ષાચાલકોનો આક્ષેપ છે કે ખાનગી નંબર પ્લેટ ધરાવતી બાઈકોનો કમર્શિયલ ઉપયોગ થવાથી તેમની આવક પર સીધી અસર પડી રહી છે.

પ્રદર્શનકારીઓએ જણાવ્યું હતું કે તેઓ પર્મિટ, ટેક્સ, ઈન્સ્યોરન્સ અને મોંઘા સીએનજીનો ખર્ચ ચૂકવી નિયમો મુજબ રિક્ષા ચલાવે છે, જ્યારે એપ કંપનીઓ ખાનગી બાઈકો દ્વારા ગેરકાયદેસર રીતે મુસાફરોની હેરફેર કરાવી રહી છે. તેના કારણે પરંપરાગત રિક્ષા વ્યવસાયને ભારે ફટકો પડ્યો હોવાનું તેમણે જણાવ્યું.

રિક્ષાચાલકોએ સરકાર અને વાહન વ્યવહાર વિભાગ પાસે બાઈક ટેક્સી માટે સ્પષ્ટ નીતિ ઘડવાની અથવા ખાનગી વાહનોના કમર્શિયલ ઉપયોગ પર કડક પ્રતિબંધ મૂકવાની માંગ કરી હતી. તેમણે ચેતવણી આપી કે માંગણીઓ નહીં સ્વીકારાય તો આગામી સમયમાં વધુ ઉગ્ર આંદોલન કરાશે.